R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 26 DATE: 25-06-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ભાજપ જેનો વિરોધ કરતું હતું તે એફડીઆઇને મંજુરી આપી દેવાઇ : વિદેશી રોકાણકારોને ખુલ્લી અર્થવ્યવસ્થાની લીલી ઝંડી

ભાજપ જ્યારે વિરોધપક્ષમાં હતું ત્યારે એફડીઆઈના મુદ્દે યુપીએ સરકારનો જોરદાર વિરોધ કરતું હતું. પરંતુ હવે મોદી સરકાર દ્વારા વિદેશી કંપનીઓને ભારતીય બજારમાં પ્રસાર કરવાની લીલી ઝંડી આપી દેવાઈ છે.આમ ભાજપે વિવિધ ક્ષેત્રોમાં ૧૦૦ટકા એફડીઆઈને પરવાનગી આપી દીધી છે.

કેન્દ્ર સરકાર તરફથી જાહેરાત કરવામાં આવી હતી કે નાગરિક ઉડ્યન,સિંગલ બ્રાંડ રીટેલ, ડિફેન્સ અને ફાર્માસ્યુટિકલ જેવા ક્ષેત્રોમાં ૧૦૦ ટકા એફડીઆઈને પરવાનગી આપવામાં આવી છે.આ ક્ષેત્રોમાં મોટાભાગની એફડીઆઈ ઓટોમેટીક નોમ્સ દ્વારા થશે.જ્યારે કેટલાક કિસ્સામાં સરકાર પાસેથી પરવાનગી લેવી પડશે.ભારત એફડીઆઈ મામલે સૌથી ખુલ્લી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ બન્યો છે.


સરકારે આપેલી પરવાનગીથી દેશના ફાર્મા.ઉદ્યોગને સૌથી વધુ માર વેઠવો પડશે.વિદેશી મલ્ટીનેશનલ કંપનીઓ આવવાથી ભારતની મજબુત સ્વદેશી કંપનીઓએ ભારે હરીફાઈ કરવી પડશે.બીજી બાજુ ફુડ પ્રોડકટમાં ટ્રેડીંગમાં એફડીઆઈની મંજુરી અપાતાં એગ્રી પ્રોડકટ અને ડેરી પ્રોડકટના ક્ષેત્રમાં મોટાપાયે ધોવાણ થશે.ડેરી પ્રોડક્ટમાં વિદેશી ડેરીઓનો માલ ઠલવવાથી અહીયાનો મોનોપોલી ડેરી ઉદ્યોગને ટકવા માટે ભારે કટોકટીનો સામનો કરવો પડશે.

## રામ મંદિરના નિર્માણ માટે રાજ્ય બહારથી પથ્થરો લાવવા નહી દેવાય

વિશ્વ હિંદુ પરિષદને પ્રસ્તાવિક રામંદિર નિર્માણ માટે રાજસ્થાન અને ગુજરાતમાંથી પથ્થરો આયાત કરવાની મંજુર આપવાની મનાઈ કરવામાં આવી છે.વીએચપી અયોધ્યામાં બાબરી મસ્જીદની ભુમિ પર આ મંદિર બનાવવાની તૈયારી માટે પથ્થરો મંગાવવા માંગે છે. આ અગાઉ નવેમ્બર મહિનામાં રાજ્ય સરકારે મંદિર નિર્માણની કાર્યશાળામાં મુકવા માટે પથ્થરો આયાત કરવાની મંજુરી આપી હતી.આ નિર્ણયની ભાજપ સિવાયની પાર્ટીઓએ આકરી ટીકા કરી હતી.એક અટકળ મુજબ વિધાનસભાની ચુંટણી આવી રહીછે ત્યારે રાજ્યની શાંતિ ડહોળાય નહી તે માટે સરકારે આ પગલું લીધું છે.

સ્થાનિક ઈન્કમટેક્ષ વિભાગના કર્મચારીઓએ વિએચપીને પથ્થરોની આયાત માટે જરુરી ફોર્મ ૩૯ આપવાની ના પાડી દીધી છે.ઉત્તરપ્રદેશમાં વ્યાવસાયિક નિર્માણકાર્યમાં ઉપયોગમાં લેવાતાં પથ્થરો વેટના દાયરામાં આવે છે.અંગત જરુરીયાતોની સ્થિતિમાં તેની પર કર લાગે છે. જેના માટે વ્યાવસાયિક કર વિભાગ ફોર્મ ૩૯ આપે છે.આ ફોર્મની કોપી આયાત કરવામાં આવેલા પથ્થરોની ખેપ સાથે સંલગ્ન કરવામાં આવે છે.વીએચપી અત્યાર સુધી પ્રસ્તાવિત મંદિર નિર્માણના કામા માટે આ ફોર્મનો ઉપયોગ કરી પથ્થર આયાત કરતી આવી છે. જો કે વિભાગે આ વખતે ઉપરથી આદેશ આવ્યો હોવાનો હવાલો આપીને વીએચપીને ફોર્મ ૩૯ આપવાની ના પાડી દીધી છે.કમિશ્નર અખિલેશ શુકલાએ જણાવ્યુ હતું કે વીએચપીએ પોતાની અરજીમાં એવું લખ્યુ છે કે અયોધ્યામાં પ્રસ્તાવિત રામ મંદિરના નિર્માણ માટે રામ મંદિર ટ્રસ્ટ આ પથ્થરોની આયાત કરી રહી છે. માટે આ આધારે તેમની માંગણીનો અસ્વીકાર કરવામાં આવ્યો છે.સુપ્રીમ કોર્ટે વિવાદિત જગ્યા પર યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે.જો અમે મંદિર નિર્માણ માટે પથ્થરોની આયાત કરવાની મંજુરી આપીએ તો તે સર્વોચ્ચ ન્યાયાલયના આદેશનો ભંગ ગણાશે.વળી જે અધિકારીએ ગત વર્ષે નવેમ્બર મહિનામાં પથ્થર આયાત કરવાની મંજુરી આપી હતી તેના વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

## શિવસેનાનો સુર્વર્ણ જયંતિ સમારોહ ગોરેગાંવ સ્થિત એનએસઇ ગ્રાઉન્ડ ખાતે ઉજવાયો : ઠાકરેના ભાજપ સામે ચાબખા



શિવસેનાની સ્થાપનાની સુવર્ણ જયંતિના ઉજવણી ગોરેગાંવ સ્થિત એનએસઈ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી.શિવસૈનિકોને સંબોધન કરતાં ઉધ્ધવ ઠાકરેએ કહ્યુ હતું કે શિવસેનાને લોકો રીજીનલ પાર્ટી કહે છે પણ તેઓરીજીનલ છે.અમને ગુંડા કહેવામાં આવે છે પણ જો અમે ગુંડા હોત તો આજે ૫૦માં સ્થાપના દિનની ઉજવણી ન કરતા હોત.શિવસેનાને અનેક વખત ખતમ કરવા પ્રયત્નો થયા છે.પણ અમે ટકી રહ્યા છીએ.તેમણે શિવસેનાનો ૫૦ વર્ષનો ઈતિહાસનો સાર આપી કહ્યુ હતું કે શિવસેનાએ કટોકટી દરમ્યાન ભજવેલી ભુમિકા અને બાબરી દવંશ ટાણે ભજવેલી ભુમિકા કોઈ નકારી શકે તેમ નથી.તેમણે શિવસૈનિકોને આગામી ચુંટણીઓ એકલે હાથે લડવાની તૈયારી રાખવાનું આહ્વાન કર્યુ હતું.

ઠાકરેએ ભાજપ તથા ખાસ તો વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. પરિણામે ભાજપ અને શિવસેના વચ્ચે આવનારા દિવસોમાં સબંધોમાં તિરાડ પડશે તેવું અનુમાન થઈ રહયુ છે.

ભાજપ રામમંદિર,કોમન સીવીલ કોડ જેવા મુદ્દાઓ ભુલી ગયો છે. અને તેની સરકાર છતાં હિંદુઓને પલાયન કેમ થવુંપડે છે તેવા સવાલો ઉઠાવીને તેમણે કહ્યુ હતું કે દેશ બદલ રહા હે, પણ હાલ એવા ને એવા છે કહીને એક તબક્કે ગઠબંધન તોડી નાંખવાની પણ ચીમકી આપી હતી.

તેમણે રેલીમાં સંબોધન કરતાં વડાપ્રધાનના વિદેશ પ્રવાસોની મજાક ઉડાવતાં કહ્યુ હતું કે વડાપ્રધાન લોકસભા,વિધાનસભાની ચુંટણીઓ એકસાથે કરવા ઈચ્છે છે તેનું કારણ એ છે કે અત્યારે વારાફરતી આવતી ચુંટણીઓના કારણે તેમને વિદેશ પ્રવાસ ટુંકાવી ચુંટણી સભાઓ સંબોધવા સ્વદેશ પાછા આવવાની ફરજ પડે છે.તે ગમતું નથી.

ભાજપે મુળ મુદ્દાઓ વિસારે પાડ્યાનું યાદ અપાવતાં કહ્યુ હતું ભાજપે રામમંદિર, અને કોમન સિવિલ કોડ જેવા મુદ્દા કેમ ભુલાવી દીધા છે. મોદી સરકારના બે વર્ષ પુર્ણ થયાની ઉજવણીના સ્લોગન દેશ બદલ રહા હેના સંદર્ભમાં તેમણે કહ્યુ હતું કે દેશ બદલ રહા હે પણ હાલત બદલી નથી.ચીનની ઘુસણખોરી એવીને એવીજ છે.પાકિસ્તાન સાથે ની તંગદીલીમાં કોઈ ફેરફાર થયો નથી.મોઘવારી ખુબજ વધી ગઈ છે. દાળના ભાવોનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડનવીસ સામાન્ય માણસને અચ્છે દિન તો નહી પણ થોડીક રાહત મળે તેમ કરે તો પણ સારુ છે.ભાજપ કેન્દ્રમાં સત્તા પર છે.અને યુપીમાંથી ભાજપના મહત્તમ સાંસદો ચુંટાયા છે તેમ છતાં પણ કૈરાનામાં હિંદુઓને પલાયન કરવું પડે છે.કાશ્મીરમાં ભાજપ યુતિ સરકારમાં છે તો ભાજપે કાશ્મીરી પંડિતોને ઘર અપાવવા શું કર્યું છે ?

તેમણે ફરી એકવાર ગઠબંધન પર સવાલો ઉઠાવતાં કહ્યુ હતું કે મને ખબર નથી કે ગઠબંધનનું શું થશે? અમને ચુંટણીની તૈયારી કરવી પડશે. અમે ગઠબંધન તોડવા માંગતા નથી.પરંતુ એ ગઠબંધન અમારા આત્મસન્માનના ભોગે ચાલુ નહીં રખાય.સેનાને પ્રાંતીય,કોમી અને સંકુચિત વિચારસરણી તરીકે ગણાવતાં ટીકાકારોનો જવાબ આપતાં તેમણે કહ્યુ હતું કે પશ્ચિમ બંગાળમાં ટીએમસીના વડા મમતા બેનરજી પણ મા,માટી અને માણુસ બોલે છે ત્યારે પ્રાંતવાદની જ વાત કરે છે.હું મારા પિતા બાલા સાહેબ ઠાકરેની જેમ સત્તા માટે ઉતાવળીયો નથી અને તે માટે સમાધાન નહીં કરુ. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં મુંબઈ કોર્પોરેશનની ચુંટણીમાં સત્તા માટે ભાજપ-શિવસેના વચ્ચે ખેચતાણ ચાલે છે.સંકેતો એવા છે કે બન્ને પાર્ટી બીએમસી ચુંટણીમાં અલગ-અલગ જોર અજમાવશે.

જોકે કડવાશ ભર્યા સર્જાયેલ વાતાવરણમાં પણ મહારાષ્ટ્રના ભાજપના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કડવાશ ભુલી જઈને શિવસેનાના ૫૦માં સ્થાપનાદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.તેમણે જણાવ્યુ હતું કે શિવસેનાની સ્થાપના ને ૫૦ વર્ષ પુરા થાય છે તે નિમિત્તે પક્ષપ્રમુખ ઉધ્ધવ ઠાકરે અને સર્વ શિવસૈનિકોને મનપુર્વક અભિનંદન.શિવસેનાના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેએ કરેલું માર્ગદર્શન હંમેશા મુલ્યવાન નીવડ્યું છે.૧૯૮૯માં બાળાસાહેબ ઠાકરેએ ભાજપના સદ્ગતનેતા પ્રમોદ મહાજન સાથે ભાજપ-શિવસેના યુતિ કરી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મોદી સરકારના બે વર્ષ પુરા થવા પર સરકારના એક પોર્ટલ સર્વેમાં કેન્દ્રીય માનવ સંશાધન મંત્રાલયના રેટિંગમાં ખરાબી આવી છે.માયગર્વ.પોર્ટલના એક મહિના સુધી ચાલેલા સર્વેમાં પુર્ણાહુતી થઈ છે.આ સર્વેમાં વિદેશ,રેલવે, અને માર્ગ પરિવહન મંત્રાલયના રેટિંગ્સ ઉંચા આવ્યા છે.આ સર્વેમાં શિક્ષણ નીતિમાં સુધારા માટે પ્રયત્નશીલ એચઆરડી મંત્રાલયને લોકોએ ઉપટકા રેટીંગ આપ્યું છે.

સરકારની કામગીરીમાં રેટિંગ નબળા હોય કે સબળા હોય પરંતુ ચમચાગીરીમાં જેનું રેટિંગ ઉંચુ તેને મહત્વ મળે. આ તો મોદી ટુંક સમયમાં કેબિનેટમાં ફેરફાર કરવાના છે તેવી વકી છે તે માટે આ રેટીંગમાં ને ધ્યાનમાં લેવાશે.ખેર,રેટિંગ ના કારણે અચ્છે દિન આવવાની શક્યતાઓ નહિવત છે.

મોધવારી એટલી બધી વધી ગઈ છે અને લોકોનો આક્રોસ વ્યાપક છે કે ૧૨૫ કરોડની જનતા સામે બે લાખ ૭ હજાર લોકોનું રેટીંગ કોઈ કાળે ચાલી શકે તેમ નથી.મોઘવારી ઘટાડવી એ સરકારની નૈતિક ફરજ છે. જો તમારા વાયદા મુજબ તમે કરી શકતા નથી તો લોકોનો મત લઈ જુઓ. પછી ખબર પડશે કે રેટિગ કોને કહેવાય.

બ્રિટનના વડાપ્રધાને સામે ચાલીને જનમત સામે પોતાનુ રાજીનામું ધરી દીધું.લોકશાહીને માટે બ્રિટન લાયક છે તે ગાણુ સાચું લાગે છે.લોકશાહીને લાંછન લાગે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યુ હોય તો કેવી રીતે આપણે તેનો સૌથી મોટી લોકશાહી ગણાવી શકાય.દેશના નાણામંત્રીને તેમના જ પક્ષના નેતા નાણાંમત્રીના ડ્રેસને વેઈટર સાથે સરખાવે.જાહેરમાં શિવસેના અને ભાજપ શાબ્દિક દંગલ કરે.એકબીજાને ચઢાવે ઉતારે,આનાથી વધારે લોકશાહીની ક્રુર મજાકનો કહેવાય તો શું કહેવાય.

હવે એવુ લાગી રહ્યુ છે કે જીસકે હાથમાં હોગી લાઠી ભેસ વોહી લે જાયેગાની વાત સાચી પડશે. રામરાજ્યની દુહાઈ દેનારાઓના હાથે જ લોકશાહીની હત્યા થશે ?

---

દેશમા નકલી ડીગ્રી ધારી લોકોનો તોટો નથી.સાથે સાથે નકલી ડીગ્રીઓ પધરાવતી શિક્ષણ સંસ્થાઓનો પણ તોટો નથી.હવે કેજરીવાલ ઉપર કેમેરો ફિક્સ થયો છે તેમણે નકલી ક્વોટાથી એડમીશન લીધુ હતું તેવી રજુઆત એક વેબસાઈટે કરી હતી.વેબસાઈટે એવો દાવો કર્યો હતો કે કેજરીવાલે નકલી ક્વોટા દ્વારા આઈઆઈટી-ખડગપુરમાં એડમિશન લીધુ હતું.મેરિટના આધારે તેમણે એડમીશન લીધું નથી. ખેર, એડમીશન નકલી પરંતુ ભણ્યાજ ના હોય છતાં ડીગ્રીઓ મેળવી હોય તેવા રાજકારણીઓનું શું.દેશવાસીઓ પરેશાન છે સાચી શિક્ષણ સંસ્થાઓ નહી મળવાને કારણે અને બોગસ ડીગ્રીધારી રાજનેતાઓને કારણે . મનહરભાઈ પી. વાઘેલા.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# નેપાળમાં સુવાર્તા પ્રચાર કરતાં સાત ખ્રિસ્તીઓની ધરપકડ



નેપાળના ધોલેખા વિસ્તારમાં વિદ્યાર્થીઓને ખ્રિસ્તી સુવાર્તાની વહેચણી કરતાં સાત નેપાળના નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સર્ન દ્વારા જણાવાયું હતું કે ધરપકડ કરાયેલ ખ્રિસ્તીઓ પર ધર્મપરિવર્તનનો આરોપ મુકવામાં આવ્યો હતો.હિંદુ બહુમતી ધરાવતા નેપાળ રાષ્ટ્રમાં ખ્રિસ્તી ધર્મ પરિવર્તન કરાવવાના આરોપસર ૨૦૧૫માં આ ધરપકડ કરવામા આવી છે.નેપાળમાં ધર્મપરિવર્તન કરવા કે કરાવવા પર મજબુત કાયદો ઘડવામાં આવ્યો છે.જેમની ધરપકડ કરવામાં આવી છે તેમાં બે સ્કુલોના પ્રિન્સીપાલનો સમાવેશ થાય છે અને બીજા પાંચ વ્યક્તિઓ ટેકનીકલ સ્ટાફ છે.જે ખ્રિસ્તી સંસ્થાઓમાં નોકરી કરી રહ્યા છે.આઈસીસી જેણે આ સતાવણી બાબતે કહ્યુ હતું કે વિશ્વમાં ચાલી રહેલી સતાવણીનો આ એક ભાગ છે.સતાવણીનો ભોગ બનેલા પૈકીના એક વ્યક્તિએ કહ્યું હતું કે પોલીસો ખ્રિસ્તીઓ પ્રત્યે રુડ અને સખ્ત રહ્યા છે.પોલીસે તેમને એક ક્રિમિનલ હોય તેવી રીતે ટ્રીટ કર્યા છે.તેમની ધરપકડ કરવાની સાથે તેમને બેડીઓ પહેરાવવામાં આવી હતી.જે અધિકારી આ વખતે ચાર્જમાં હતા તેમણે કોઈને પણ આ બાબતે સાંભળવાની દરકાર કરી નહોતી અને કહ્યુ હતું કે ખ્રિસ્તીઓ તમે નર્કમાં જાવ.

ધરપકડ કરાયેલ ખ્રિસ્તીઓ પાસેથી કેટલાક કાગળો પર સહી કરાવવામાં આવી જેમાં લખવામાં આવ્યુ હતું કે બાયબલનું વિતરણ કરવું તે કાયદામાં ગુનો ગણાય છે.તેમાં એવું પણ લખવામાં આવ્યું છે કે તમે હવે ફરીથી આ ગુનો કરશો નહી તેવી ખાત્રી આપી છે.પરંતુ જે લોકોની ધરપકડ કરાઈ હતી તેમણે આ કાગળોમાં સહી કરવાની મનાઈ કરી .ખ્રિસ્તીઓએ ૨૦૧૫માં બનેલા કાયદા વિરુધ્ધ પોતાની મત જણાવ્યો છે.કારણકે આ કાયદામાં ધાર્મિક સ્વતંત્રતા વિરુધ્ધ અને ખ્રિસ્તીઓની સાઉથ એશીયન નેશનમાં વસ્તીમાં થઈ રહેલા વધારા સામેની વાત વણાયેલી છે.નેપાળમાં વસતી ખ્રિસ્તી પ્રજા આ કેસને ખુબજ ગંભીરતાથી લે છે.એક નેપાળના ખ્રિસ્તી પાળક કે જેમનું નામ આઈસીસીએ આપ્યુ નથી અને કહ્યુ કે અમો ધરપકડ કરાયેલા લોકોને છોડાવવા ગંભીર પ્રયત્નો કરી રહ્યા છીએ.અહીના લોકો આ વાત સાંભળીને ઘણા નિરાશ થયા છે.અમારે હવે ખુબજ ચીવટતાપુર્વક બધુ કાર્ય કરવાનું છે.

૨૦૧૫ની સાલથી ખ્રિસ્તીઓ અને સરકાર વચ્ચે નવા ઘડાયેલ કાયદાથી ટેન્સન ચાલી રહ્યું છે.ગત સપ્ટેમ્બરમાં હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા તમામ પરદેશી ખ્રિસ્તી મિશનરીઓને દેશ છોડી જવા માટેની ધમકી આપવામાં આવી હતી.તેમની પર દેશમાં ભ્રષ્ટાચાર ફેલાવવાનો આરોપ લગાવાયો હતો.તેમણે જાહેર કરેલું કે આજથી નેપાળ ખ્રિસ્તીઓથી મુક્ત હિંદુ રાજ્ય છે.મોરચાએ કહ્યુ હતું કે અમો તમામ ખ્રિસ્તી નેતાઓને ચીમકી આપીએ છીએ કે તેઓ આ દેશ છોડી ચાલ્યા જાય.તેમજ જેઓએ હિંદુ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે તે તમામ લોકો હિંદુ ધર્મમાં પાછા ફરે.હિદુ કટ્ટરવાદીઓ દ્વારા આ સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું હતું.

ફાઈટ ન્યુઝ એજન્સી દ્વારા નોધ કરવામાં આવી હતી કે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા આ ચેતવણી તરફ ધ્યાન આપવામાં આવ્યુ નહોતું. અને તેઓએ તેમની કામગીરી ચાલુ રાખી હતી.તેઓએ તેમના ધર્મ પ્રચાર અને પ્રસાર ચાલુ રાખ્યો હતો અને સાથે સાથે ચર્ચાઓ પણ ચાલુ રાખી હતી.આઈસીસી રીજીનોલ મેનેજર ફોર સાઉથ એશીયા, વીલિયમ સ્ટાર્કના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં થયેલી ધરપકડ આ દેશના તમામ ખ્રિસ્તીઓ માટે ચેતવણીરુપ છે.ગત વર્ષ જ્યારે નેપાલે પોતાનું નવું બંધારણ સ્વીકાર્યું ત્યારે તેમાં જણાવાયેલ આર્ટીકલ ૨૬ એ કોન્ટ્રાવર્સીયલ હતું.ખ્રિસ્તીઓને આ બાબતે ભય હતો કે આ આર્ટીકલને તેઓ હથિયાર બનાવીને તેમની વિરુધ્ધ ઉપયોગમાં લવાશે.અનો તોમની ધાર્મિક સ્વાતંત્રતાને ઝુંટવવા માટે પ્રયત્ન કરવામાં આવશે.

આજે નેપાળી ખ્રિસ્તીઓની ધરપકડે તેમનો ભય સાચો પડ્યો હોય તેવું લાગી રહ્યું છે.ખ્રિસ્તીઓને નર્ક ભણી ધકેલવામાં આવી રહયા છે કારણકે તેઓનો ખ્રિસ્તી વિશ્વાસ હિદું કટ્ટરવાદીઓને નડી રહ્યો છે.જો કે નેપાળે બિનસાંપ્રદાયિક બંધારણ સ્વીકાર્યું છે પરંતુ કેટલાક હિદુ કટ્ટરવાદીઓને તે સ્વીકાર્ય નથી જેમની પાછળ ભારતની કેટલીક હિદુ કટ્ટરતાવાદી સંસ્થાઓનો સાથ મળેલો છે તેવું વિલિયમ સ્ટાર્કનું માનવું છે.

કોઈપણ વ્યક્તિ પોતાની ધાર્મિક સ્વાતંત્રતા માટે બીક રાખવી જોઈએ નહીં. તેમજ ધાર્મિક આસ્થા માટે જેલવાસ થાય તેવી બીક પણ રાખવી જોઈએ નહીં. આઈસીસીએ ધરપકડ કરાયેલા તમામને તાત્કાલિક છોડી મુકવા માટે નેપાળ સરકારને વિનંતી કરી છે. તેમજ બંધારણના આર્ટીકલ ૨૬માં સંશોધન કરીને તેમાં સ્પષ્ટ પણે ધાર્મિક સ્વાતંત્રતાની બાબતને સ્પષ્ટ કરીને નેપાળના ખ્રિસ્તી નાગરિકોને ખાત્રી આપવી જોઈએ કે તેમને નાગરિકો તરીકેના હક્કો સંપુર્ણપણે બંધારણથી રક્ષાયેલા છે.નેપાળના બંધારણના આર્ટીકલ ૨૬માં ધાર્મિક સ્વાતંત્રતાને લગતી જોગવાઈઓ લઘુમતિઓના ધાર્મિક સ્વાતંત્રતાના હક્કો પર તરાપ મારતી જોગવાઈઓ છે તેમાં સંશોધન કરવું આવશ્યક છે.જો તમારે બંધારણને બિનસાંપ્રદાયિક ખરેખર બનાવવું હોય તો.નેપાળ આ પહેલાં હિંદુ રાષ્ટ્રતરીકે હતું. વિશ્વના નકશા પર માત્ર એકજ રાષ્ટ્ર હિંદુ હતું જે નેપાળમાં થયેલા સત્તા પરિવર્તન બાદ બિનસાંપ્રદાયિક રાજ્યમાં પરિવર્તન પામ્યુ છે.

ભારત તરફથી નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી અને તેના રાજકીય નેતાઓ સાથે વારંવાર ચર્ચાઓ કરવામાં આવી હતી પરંતુ નેપાળ બિનસાંપ્રદાયિક બંધારણ બનાવવામાં અડગ રહ્યુ હતું.જે ભારતને અનુકુળ નહોતુ લાગ્યુ.કારણકે ભારતમાં નવી ચુંટાયેલ સરકાર હિંદુત્વના એજન્ડાને વરેલી હતી.તેથી ભારત તરફથી ભારતની સરહદે આવેલા મવેશીઓ દ્વારા નાકાબંધી કરીને નેપાળનું નાક દબાવવા પ્રયત્ન કરાયો પરંતુ નેપાળે ચીન સાથે દોસ્તી કરીને ભારતનું નાક વાઢી લીધુ.જો કે નેપાળમાં હજુ પણ કટ્ટરવાદીઓને કારણે આ બન્યું છે.

# ચીનમાં ઉજવાઇ રહેલા ડોગ મીટ ફેસ્ટીવલમાં ૧૦ હજાર કુતરાઓની કતલ કરાશે



૨૧મી જુન ૨૦૦૯થી સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે આ ફેસ્ટીવલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.ત્યારથી આ ફેસ્ટીવલ દર વર્ષે યોજાય છે. ચીનના ગ્વાંગ્સી પ્રાંતના યુલિન સીટીમાં આ ફેસ્ટીવલ યોજાય છે.આ ફેસ્ટીવલ ૧૦ દિવસ સુધી ચાલે છે.ચીનના અલગ અલગ વિસ્તારોમાંથી કુતરાઓને પાંજરામાં લાવીને પુરી રાખવામાં આવે છે.તેમને ખાવા-પીવાનું આપવામાં આવતું નથી. તેમને લોકોની સામે જાહેરમાં કાપી નાંખવામાં આવે છે.સરવે મુજબ ચીનના મોટાભાગના લોકો માને છે કે આ ફેસ્ટીવલથી ચીનની શાખને નુકશાન થઈ રહ્યું છે.

સરવેમાં ૫૧.૭ ટકા લોકોએ આ ફેસ્ટીવલને હંમેશ માટે બંધ કરવાની માંગ કરી છે.૬૯.૫ ટકા લોકોએ જણાવ્યુ હતું કે તેમણે ક્યારેય કુતરાનું માંસ ખાધુ નથી.ઉલ્લેખનીય છે કે ૧૧ મીલીયનથી વધુ લોકોએ તેને બંધ કરવાની માંગણી કરી છે.એનીમલ એકટીવીસ્ટ મુજબ યુલિન શહેરની ઘણી રેસ્ટોરંટમાં કુતરાના માંસની ડીસ પીરસાય છે.યુલિનમાં દરરોજ ૩૦૦ કુતરાઓ અને બિલાડીઓને કાપવામાં આવે છે.અને લોકો તેને મજા લઈને ખાય છે.પ્રાણીઓના હક માટે લડતી સંસ્થાઓ અવારનવાર તેનો વિરોધ કરે છે.પરંતુ હજુ સુધી આ પ્રવૃત્તિને બંધ કરવામાં આવી નથી.જો કે આ વખતે સ્થાનિક પ્રશાસન આ ફેસ્ટીવલની વિરુધ્ધ છે.અને લોકોને રસ્તા પર જાનવરોને ન મારવા અપીલ કરી છે.એક આંકડા મુજ ચીનમાં ૧૦ થી ૨૦ મીલીયન શ્વાન અને બિલાડીઓને દર વર્ષે મારી નાંખવામાં આવે છે.

જો કે ચીનના લોકોની ખાવા પીવાની કેટલીક બાબતો આપણને સુઝ ચડે તેવી છે.મોટાભાગે આપણે અહીયાં વેજીટેરીયન ખાનારઓની સંખ્યા વધુ હોવાથી નોન વેજ તરફ જે સુઝ છે તેવી સુગ નોન વેજ ખાનારાઓને ચીની ખોરાક પ્રત્યે પણ હોઈ શકે છે.

---

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

# બોગસ એન્કાઉન્ટરમાં મરાયેલ સાદિક જમાલ ત્રાસવાદી હોય તેવો એકપણ પુરાવો સીબીઆઇને મળ્યો નથી

ગુજરાતમાં થયેલા બોગસ એન્કાઉન્ટર પૈકીના સાદિક જમાલ કેસમાં સીબીઆઈ તરફથી એવો રિપોર્ટ આપવામાં આવ્યો છે કે સાદિક જમાલ આંતકવાદી હોય તેવો એક પણ પુરાવો મળ્યો નથી.સીબીઆઈએ કરેલી તપાસમાં મળેલ માહીતી મુજબ આ વ્યક્તિનું ઠંડે કલેજે ઢીમ ઢાળી દેવાયુ હતું.જેથી હાલ પુરતું આ પોલીસનું બોગસ એન્કાઉન્ટર સાબિત થઈ શકે છે.ભવિષ્યમાં સીબીઆઈ પોતાનું સ્ટેટમેન્ટ બદલી પણ શકે છે.

૧૩ જાન્યુઆરી, ૨૦૦૪માં સાદિક જમાલનું નરોડા-ગેલેક્ષી વિસ્તારમાં એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. આ મામલે સાદિકના ભાઈ શબ્બીર જમાલે હાઈકોર્ટમાં પિટિશન કરતાં હાઈકોર્ટે આ મામલે સીબીઆઈને તપાસ કરવા આદેશ કર્યો હતો.સીબીઆઈએ વર્ષ ૨૦૧૧માં પોલીસ અધિકારી તરુણ બારોટ સહિત આઠની ધરપકડ કરી હતી.આ કેસમાં ધરપકડ કરાયેલા તમામ અધિકારીઓ જામીન પર હાલમાં તો છુટી ગયા છે.સરકાર બદલાયા બાદ તબક્કાવાર તમામ અધિકારીઓને સીબીઆઈ કોર્ટે જામીન પર મુક્ત કર્યા હતા.ત્યારે નિર્દોષ હોવાનો અને ખોટી રીતે સંડોવણી કરી દેવામાં આવી હોવાનો મુદ્દો ઉઠાવીને અધિકારી કે.એમ,વાઘેલાએ આ કેસમાંથી ડીસચાર્જ કરવા અરજી કરી હતી. તેમાં સીબીઆઈએ જવાબ રજુ કરતાં તેમાં જણાવ્યુ હતું કે અત્યાર સુધીમાં જે કાંઈ તપાસ થઈ છે તેમાં સાદિક જમાલ આતંકવાદી હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.પરંતુ તેની હત્યા કરવામાં આવી છે તેવું સીબીઆઈ તરફથી કોર્ટને જણાવાયુ હતું.

જો કે આ કેસમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓને જામીન મળી ગયા હોવાથી તેઓ જેલમુક્ત થઈ ગયા છે.અને હવે જ્યારે કેસ ચાલવા પર આવે ત્યારે તેમની સામે ફરીથી જામીન રદ કરવા અંગેની કાર્યવાહી કદાચ કરવામાં આવે.અત્યાર સુધીમાં તો સીબીઆઈ બોગસ એન્કાઉટર કેસમાં લગભગ પોલીસ અધિકારીઓને જામીન મુક્ત કરી ચુકી છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે હવે તેમના નવા ડ્રેસ કોડ માટેની પ્રક્રિયા શરુ કરી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ઓળખ ખાખી ચડ્ડીથી ઓળખાતી હતી.વર્ષો બાદ સંઘે પોતાનો ડ્રેસકોડ બદલવાની પ્રક્રિયા હાથ ધરી અને ડ્રેસમાં ખાખી ચડ્ડીને સ્થાને ફુલ પેન્ટ રાખવાનો નિર્ણય કર્યો.આ માટે સંઘે નવા ડ્રેસ તૈયાર કરવા માટે રાજસ્થાન ટેક્સટાઈલ્સ સીટી ભીલવાડાની આઠ કંપનીઓને ૧૦ લાખ ફુલ પેન્ટનો ઓર્ડર આપ્યો છે.માર્ચમાં નાગોરમાં યોજાયેલી સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં ડ્રેસમાં ખાખી ચડ્ડીના સ્થાને મુંગિયા ફુલ પેન્ટ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ભીલવાડા શહેરની રિકો ૪ ફેઝની ૮ કપડા વિવિંગ કંપનીઓને આરએસએસનું નવું પેન્ટ બનાવવા માટે ૧૦ લાખ મીટર કપડું આપવામાં આવ્યું છે.જ્યારે ચિતોડગઢ જિલ્લાના ચૌઘાવાડી ગામમાં સ્થિત ટાઈટન પ્રોસેસર્સ હાઉસમાં આ કપડાં પર પ્રોસિસીંગ શરુ થઈ ગયું છે.

ચિતોડગઢ જિલ્લાના અંકોલામાં સ્વયં સેવક જયપ્રકાશને ત્યાં આ પેન્ટીની સિલાઈ કરવામાં આવી રહી છે.જયપ્રકાશને શરુઆતમાં ૧૦ હજાર પેન્ટ સિવવાનો ઓર્ડર મળ્યો છે.હજુ તેની સિલાઈ નક્કી થઈ નથી.પણ તેઓનું માનવું છે કે એક પેન્ટની સિલાઈની કિંમત રૂ.૨૦૦ થી ૩૦૦ની વચ્ચે હશે.

આરએસએસનું પેન્ટ અગાઉ જયપ્રકાશ વર્ષે સંઘની ૫૦ હજાર ચડ્ડીઓ સિવવાની સાથે સંઘની કાળી ટોપી,લંગોટ અને સફેદ શર્ટ સીવવાનું વારસાગત કામ કરી રહ્યા છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# નોકરીમાંથી સ્વેચ્છીક નિવૃત્તિ અંગે આપેલ નોટિસનો સ્વીકાર અંગેનો જવાબ ના મળે તો પણ નિવૃત થઇ શકાય : ગુજરાત હાઇકોર્ટ

ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક અગત્યનો ચુકાદો આપવામાં આવ્યો છે.સ્વૈચ્છીક નિવૃત્તિની નોટીસ અંગે હાઈકોર્ટે જણાવ્યુ હતું કે કર્મચારીએ વિભાગના વડાને નોટિસ આપી હોય અને નોટિસનો પિરીયડ પુરો થતા પહેલાં સરકારી વિભાગ તરફથી તેનો સ્વીકાર કે અસ્વીકારનો જવાબ ના મળે તો કર્મચારી નોકરી છોડીને જઈ શકે છે. નોટિસનો પિરીયડ બાદ કર્મચારી ગેરહાજર રહે તો કંપની તેની સામે ખાતાકીય તપાસ કરાવી શકે નહીં.ભાવનગરના સરકારી કર્મચારીએ હાઈકોર્ટમાં અરજી કરીને એવી દલીલ કરી હતી કે સ્વૈચ્છીક નિવૃત્તિ અંગે હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટને પત્ર લખીને નોટીસ આપી હતી. જો કે વિભાગ દ્વારા તેમની નોટિસ અંગે કોઈ જવાબ અપાયો નહોતો. બીજી તરફ નોટિસ પિરિયડ પુરો થતાં કર્મચારીએ નોકરી પર જવાનું બંધ કરી દીધું હતું.સતત કર્મચારી ગેરહાજર રહેતા વિભાગે તેમની સામે ગેરશિસ્ત અને ગેરહાજરી અંગે ખાતાકીય તપાસના આદેશ કર્યા હતા.ખાતાકીય તપાસ શરુ થતાં કર્મચારીનીા બાકીના લાભો અટકાવી દેવામાં આવ્યા હતા.જેને પગલે કર્મચારીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે એવો આદેશ કર્યો હતો કે કર્મચારી નોટિસ પિરીયડ અંગે નોટિસ આપે તો તેની ફરજ પુરી થઈ જાય છે.વિભાગના વડા કે એમ્પલોયર તેનો જવાબ ના આપે તો કર્મચારી નોટિસ પિરિયડ બાદ નોકરી પર જવાનું બંધ કરી શકે છે. આ અંગે વિભાગના વડા કે એમ્પલોયર તેમની સામે ખાતાકીય તપાસ કે ગેરશિસ્ત અંગેના કોઈ પગલાં લઈ શકે નહીં.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ભારતીય રીઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજન વિરુધ્ધ સ્વામીએ ફરીથી મોરચો ખોલ્યો

ભારતીય રીઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજન વિરુધ્ધ ભાજપના રાજ્યસભાના સાંસદ છેલ્લા કેટલાક વખતથી મોરચો ખોલીને બેઠા છે.સ્વામીના મતે ભારતીય અર્થતંત્ર માટે રઘુરામ રાજન યોગ્ય વ્યક્તિ નથી. તેમણે વડાપ્રધાનને આ બાબતે આ પહેલા પણ જણાવ્યુ છે. પરંતુ ફરી એકવાર તેમણે વડાપ્રધાનને પત્ર લખીને રાજન વિરુધ્ધ સીબીઆઇ અંતગર્ત બનાવવામાં આવેલી એસઆઇટી દ્વારા તપાસ કરવાની માંગણી કરી છે.સ્વામીએ આરોપ લગાવ્યો છે કે આરબીઆઇએ સ્મોલ ફાઇનાન્સ બેકને લાયસંસ આપવામાં ગોલમાલ કરી છે.સ્વામીનું કહેવું છે કે સરકારી નીતિ અંતગર્ત જે સંસ્થાઓએ બેક લાઇસંસ માટે અરજી કરી અને તેમાંતી જે બેકોને લાયસંસ મળ્યા તેમાંથી એકેય નિયમ શરતોનું પાલન કર્યુ નથી.તેમ છતાં તેમને લાયસંસ આપવામાં આવ્યા છે.

સ્વામીનું કહેવુ છે કે તેનાથી એ જાણવા મળે છે કે લાયસંસ આપવામાં નિયમોની અવગણના કરવામાં આવી છે.અને તેનાથી તેમના ઇરાદાઓ પર શંકા જાય છે.ભાજપનાને તાનો આરોપ છે કે તેનાથી સ્પષ્ટ થાય છે કે આ મામલે ભ્રષ્ટાચાર થયો છે અને તેની તપાસ થવી જોઇએ.સ્વામી એ કોગ્રેસના નેતા અને પુર્વ નાણાંમંત્રી પી.ચિદંમ્બર પર નિશાન સાધતાં જણાવ્યુ હતું કે નાણાં મંત્રાલયના કેટલાક એવા અધિકારીઓ છે જે ચિદામ્બરના પસંદના છે કે નિકટના છે. આ મામલામાં મની લોન્ડરીંગની ગંધ આવી રહી છે.અને તેના દ્વારા નેતાઓ અને અધિકારીઓને લાભ મળવાની આશંકા છે.

જો કે સ્વામી રાજન વિરુધ્ધ વધુ ઝેર ઓકે તે પહેલાં સ્વમાની રાજને પોતે હવે આ પદ ઉપર બીજી ટર્મ રહેવા માંગતા નથી તેનો ખુલાસો કરી દીધો. હવે તેઓ પાછા યુએસ શૈક્ષણિક કાર્યમાં જોડાઇ જશે તેવા સંકેતો આપી દીધા.

હવે સ્વામીએ કેજરીવાલ સામે બીજો મોરચો ખોલી દીધો છે. હવે તેઓ દિલ્હીના મુખ્યમંત્રીને તગેડી દેવા માટેનું એલાન કરી દીધું છે.તેમની કાર્યશૈલીથી તેમના અંગત લોકોને મઝા આવતી હશે પરંતુ તેનાથી પરિણામો સારા મળી શકશે નહી.વિદેશ પ્રવાસોમાંથી જ્યારે ફુરસદ મળશે ત્યારે વડાપ્રધાન આ બાબતે વિચારશે ખરા ! કે પછી આ જ પરિસ્થિતિ ચાલતી રહેશે ?


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the HOLY LAND
WELCOME TO ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે. દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May '16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૯૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * * * *


# દિલ્હી સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે ગજગ્રાહ ચાલુ

દિલ્હી સરકારના ૧૪ બિલ કેન્દ્રીય ગૃહમંત્રાલયે પરત મોકલી દીધા.મંત્રાલયે આ બિલને કેજરીવાલ સરકારના અધિકાર ક્ષેત્રની બહાર હોવાનું જણાવ્યુ હતું.પરત મોકલેલા બિલોમાં દિલ્હી સરકારનું જન લોકપાલ બિલ પણ સામેલ છે.આ બાબતે દિલ્હીના સીએમ કેજરીવાલે કહ્યુ હતું કે કેન્દ્ર સરકાર દિલ્હી સરકારની હેડ માસ્તર હોય તે રીતે વર્તે છે.

મીડીયાના અહેવાલો મુજબ ગૃહમંત્રાલયે દિલ્હી સરકારને પરત મોકલેલા બિલો તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા નથી કહીને પરત કર્યા છે.તેમજ બિલ તૈયાર કરવામાં પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નથી.તમામ બિલો પર લેફ્ટ.ગર્વનર નજીબ જંગનું મંતવ્ય માંગ્યું છે. જંગ મંતવ્ય આપે પછી તેના પર કેન્દ્ર સકાર કોઇ નિર્ણય લેશે.

કેજરીવાલ સરકારના આ બિલ્સ પર વાંધો ઉઠાવતાં ગૃહ મંત્રાલયે કહ્યુ હતું કે નજીબ જંગ અને ગૃહમંત્રાલયના મંતવ્ય વિના આ બિલ પસાર કરવું અશક્ય છે.આ સાથે મંત્રાલયે કેજરીવાલ સરકારને પ્રક્રિયાનું પાલન કરવાની સલાહ પણ આપી છે.આ ૧૪ બિલ્સમાંથી સૌથી મહત્વનું બિલ જનલોકપાલનું બિલ છે. એ ઉપરાંત દિલ્હી વેટસંશોધન બિલ, દિલ્હી સ્કુલ સબંધિત બિલ,દિલ્હી સ્કુલ શિક્ષણ સંશોધન બિલ, લઘુત્તમ મજુરી સંશોધન બીલ અને દિલ્હી ધારાસભ્યો,મંત્રીઓ અને સ્પીકરના પગાર સાથે સબંધિત બીલ છે. જો કે કેન્દ્ર અને દિલ્હી સરકાર વચ્ચે આ ગજગ્રાહ ચાલતો જ રહેવાનો.

# એનજીઓ સબરંગ ટ્રસ્ટનું એફસીઆરએ નિયમોના ઉલ્લંઘનના મામલે કેન્દ્ર સરકાર દ્વારા રજીસ્ટ્રેશન રદ



જાણીતી એનજીઓ સબરંગ ટ્રસ્ટ જેની સાથે તિસ્તા સેતલવાડ સામાજીક કાર્યકર્તા તરીકે જાણીતા હતા તે એનજીઓનું રજીસ્ટ્રેશન કેન્દ સરકાર દ્વારા એફસીઆરએના નિયમોના ઉલ્લંઘન માટે રદ કરી દેવાયુ છે.તેમના એનજીઓ પર ફોરેન કન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન)એક્ટ ૨૦૧૦ના ઉલ્લંઘનનો આરોપ છે.આ મામલે સીબીઆઇએ સબરંગ કમ્યુનિકેશન એન્ડ પબ્લીસીંગ પ્રા.લી.સામે પણ તપાસ હાથ ધરી છે.

આ ટ્રસ્ટ તીસ્તા અને તેમના પતિ જાવેદ આનંદ ચલાવે છે.આ પહેલાં મંત્રાલયે સબરંગ ટ્રસ્ટ પર ફોરેન ડોનેશન હાંસલ કરવા અંગે પ્રતિબંધ મુક્યો હતો.મંત્રાલયે આ સાથે જ ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (એફસીઆરએ)અંતર્ગત સબરંગનું લાયસંસ રદ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરી હતી.સબરંગ ટ્રસ્ટ ૨૦૦૨ ગોધરાકાંડ પછીના ગુજરાતના રમખાણોનો મામલો ઉઠાવતું હતું તિસ્તા સેતલવાડ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના ટીકાકાર રહ્યા હતા.

જો તિસ્તા સેતલવાડે કહ્ છે કે સબરંગને સરકારે લીધેલાં પગલાંથી કોઇ આશ્ચર્ય થયું નથી.અને તેમના માટે આવો આદેશ અપેક્ષિત હતો.એનજીઓએ કહ્યુ કે તેઓ કેન્દ્રીય ગૃહમંત્રાલયના આદેશને કોર્ટમાં પડકાર ફેકશે.એનજીઓ સામે કરવામાં આવેલા આક્ષેપો પાયાવિહોણા છે અને તર્કહીન છે.તેમ કહીને તેમણે કહ્યુ હતું કે ગૃહમંત્રાલયે અગાઉ જે આક્ષેપો કર્યા હતા તેનું જ પુનરાવર્તન કરવામાં આવ્યું છે તેનો અમને અફસોસ છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ

*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*

**એક્સ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એક્સ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ००૮૯૮**
E.mail : drhamparikh@yahoo.co.in


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.